**ચોથું ભારત-આફ્રિકા ફોરમ શિખર સંમેલન**

23 એપ્રિલ, 2026

આફ્રિકન યુનિયન કમિશનના સહયોગથી ભારત 31 મે 2026 ના રોજ નવી દિલ્હીમાં ચોથા ભારત-આફ્રિકા ફોરમ શિખર સંમેલન (IAFS-IV) નું આયોજન કરશે. IAFS-IV આફ્રિકન ખંડના નેતાઓ, આફ્રિકન યુનિયન કમિશન અને પ્રાદેશિક સંગઠનોના પ્રતિનિધિઓને એક મંચ પર લાવશે, જેનો ઉદ્દેશ્ય ભારત-આફ્રિકાની વર્ષો જૂની ભાગીદારીને મજબૂત કરવાનો અને વિવિધ ક્ષેત્રોમાં સહયોગના વધુ વિસ્તાર માટે ભાવિ રૂપરેખા તૈયાર કરવાનો છે.

2.વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે નવી દિલ્હીમાં 23 એપ્રિલ 2026 ના રોજ IAFS-IV ના લોગો, થીમ અને વેબસાઇટ (www.iafs2026.in) નું અનાવરણ કર્યું. આ શિખર સંમેલન "IA SPIRIT: ઇન્ડિયા આફ્રિકા સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ ફોર ઇનોવેશન, રેઝિલિયન્સ એન્ડ ઇન્ક્લુઝિવ ટ્રાન્સફોર્મેશન" થીમ હેઠળ આયોજિત કરવામાં આવશે, જે ભારત-આફ્રિકા ભાગીદારીના વ્યાપક સ્વરૂપને પ્રતિબિંબિત કરે છે. આ શિખર સંમેલનના પ્રારંભિક તબક્કા તરીકે, શ્રેણીબદ્ધ પ્રારંભિક બેઠકો યોજાશે, જેમાં 29 મે 2026 ના રોજ યોજાનારી ભારત-આફ્રિકા વિદેશ મંત્રીઓની બેઠકનો સમાવેશ થાય છે, જે 28 મે ના રોજ વરિષ્ઠ અધિકારીઓની બેઠક પહેલાં યોજાશે, જેમાં ભારત અને આફ્રિકા વચ્ચે સહયોગના મુખ્ય ક્ષેત્રો પર ચર્ચા કરવામાં આવશે.

3. ભારત-આફ્રિકા ફોરમ શિખર સંમેલન એ આફ્રિકન દેશો અને આફ્રિકન યુનિયન કમિશન સાથે સંવાદને પ્રોત્સાહન આપવા અને પરસ્પર આદર, સમાનતા, એકતા અને સહિયારી સમૃદ્ધિના સિદ્ધાંતો દ્વારા માર્ગદર્શિત પરસ્પર લાભદાયી સહયોગને આગળ વધારવા માટેનો એક મહત્વપૂર્ણ મંચ છે. ભારત-આફ્રિકા ફોરમ શિખર સંમેલનના છેલ્લા સંસ્કરણના પરિણામે આફ્રિકા માટે ભારતીય વિકાસ સહાય અને ક્ષમતા નિર્માણ કાર્યક્રમોનું મોટુ વિસ્તરણ થયું.

4. આગામી શિખર સંમેલન ભારત અને આફ્રિકા વચ્ચે મિત્રતા અને સહયોગના ગાઢ સંબંધોને વધુ મજબૂત કરવા માટે અને દક્ષિણ-દક્ષિણ માળખા હેઠળ ભાગીદારીને મજબૂત કરવા માટે એક સીમાચિહ્નરૂપ જોડાણ સાબિત થશે. આ શિખર સંમેલન સુશાસન અને છેલ્લા એક દાયકામાં વિકસિત સર્વ-સમાવેશી વિકાસ પહેલોને પ્રદર્શિત કરવાનો પણ એક અવસર હશે.

નવી દિલ્લી

23 એપ્રિલ, 2026